**C.C. No. 1378-2024**

==========================================================

सत्यमेव जयते

| | |
|---|---|
| કેસ દાખલ કર્યા તા. | 23/12/2024 |
| કેસ રજી. કર્યા તા. | 23/12/2024 |
| કેસ ફેંસલ કર્યા તા. | 18/05/2026 |
| અવધી: | 1 Y 4 M 26 D |

==========================================================

**રાપરનાં મહેરબાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (જુ.ડી.) સાહેબની કોર્ટમાં, મું.રાપર**

==========================================================

| | |
|---|---|
| ફોજદારી.કેસ નં.: | ૧૩૭૮/૨૪ |
| આંક: | |

| | |
|---|---|
| ફરીયાદી | સરકારશ્રી. |
| | વિરૂધ્ધ. |
| આરોપી | **અરવિંદસિંહ રાણુભા જાડેજા,**<br>રહે.મુળ ત્રંબો, હાલે દેના બેંક પાસે, તા. રાપર(કચ્છ). |

| | |
|---|---|
| ગુનાની કલમ | ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ ૬૫ એઈ, ૧૧૬બી, ૮૧, ૯૮(૨) મુજબ |

| | |
|---|---|
| ફરીયાદ પક્ષ તરફે એપીપી શ્રી: | વી. કે. હઠીલા |
| બચાવ પક્ષ તરફે વકીલ શ્રી: | એન.એ.ગરવા |

==========================================================

===============================================================

# –: Judgment (ચુકાદો) :–

## (૧) Narration Of Facts (કેસની હકીકતોનુ નિરૂપણ):–

**(૧.૧)** ફરિયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૧૧/૦૫/૨૪ ના રોજ આ કામના હાલના આરોપી તથા અન્ય આરોપીઓએ તેઓના કબજાની ગાડીના ઠાઠામાં ગોદડાની નીચે ગેરકાયદેસર રીતે અલગ અલગ કંપની ની શીલબંધ બોટલો, કવાટરીયા, બીયર ટીન વગેરે સહીત કુલ રૂા.૪,૨૦,૭૬૦/– નો પ્રોહી વેચાણ અર્થે મુદ્દામાલ રાખી, એકબીજાને મદદગારી કરી, ગુનો કરી, ગુનાના કામે આરોપી સામે આ કામના ફરિયાદીએ પો.સ્ટે ખાતે ફરીયાદ નોધવાતા તે આધારે તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા **ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ–૬૫ એઈ, ૧૧૬બી, ૮૧, ૯૮(૨) મુજબ** નામદાર કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

## (૨) પોલીસ કાર્યવાહી:–

(૨.૧) આ કામે **આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ ૬૫ એઈ,૧૧૬બી,૮૧, ૯૮(૨) મુજબના** ગુના સબબની ફરિયાદ ફરિયાદી એ પોલીસ સ્ટેશનમાં કરેલ. જેના આધારે પી.એસ.ઓ દ્વારા ગુનો નોંધવામાં આવેલો હતો. સદર ગુનાની તપાસ આ કામના તપાસ કરનાર અમલદારને સોપવામાં આવતા તેઓએ સંભાળી લીધેલી અને સદર ગુનાની તપાસના કામે જરુરી પંચનામાં કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો/ જવાબો લઈ, આરોપીને અટક કરી, તપાસના કામે જરૂરી દસ્તવોજો કબ્જે કરી, આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

===============================================================

===========================================================

(૩) **કોર્ટ કાર્યવાહી:–**

**(૩.૧)** આ કામે તપાસ કરનાર અમલદારે અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજુ કરતાં **ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૧૯૦(૧)(બી)** પ્રમાણે આરોપીઓ સામે ગુનાનું કોગ્નીઝન્સ લઈ આરોપીઓ વિરૂધ્ધ **ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૯૭૩ ની કલમ–૨૦૪** મુજબ સમન્સ કાઢવામાં આવેલ હતા જે સમન્સ આરોપીઓને બજી જતા તેઓ અત્રેની અદાલતમાં હાજર થતા આરોપીઓને **ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૯૭૩ ની કલમ–૨૦૭** મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપ્યા બાદ આરોપીઓ સામે **ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૯૭૩ ની કલમ–૨૨૧,૨૨૨ તથા ૨૨૩ મુજબ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫ ઈ, ૮૧, ૯૮(૨) મુજબ**ના ગુના નું ખુલ્લી અદાલતમાં **આંક –૦૫ થી તહોમતનામુ** ફરમાવેલ અને બાદમાં આરોપીઓની **પ્લી/જવાબ આંક–૦૬ થી** રેકર્ડ આરોપીએ પોતાને ગુનો કબુલ નથી અને કેસ આગળ ચલાવવો છે તેવું જણાવતાં કેસ આગળ ચલાવવામાં આવેલ છે. આ કામે **ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨** ની જોગવાઈઓ અન્વયે કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરિયાદપક્ષનો પુરાવો નોધવામાં આવેલ છે. તેની વિગત નીચે મુજબ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સદર કામે સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી તરફથી આંક–૧૧ થી પુરસીસથી એવી રજુઆત કરે છે કે, સદર ગુના કામનું મુખ્ય ચાર્જશીટ ના સીસી નં. ૩૨૪/૨૦૨૪ ના કામમાં જે સાહેદો બનાવવામાં આવેલ તે સાહેદોની જુબાની થયેલ હોઈ તે સાહેદોની સર્ટીફાઈડ નકલો આ કામે સ્વીકારવાની પુરસીસના આધારે જુબાનીઓ હાલના કેસમાં વંચાણે લેવામાં આવેલ છે.

(૪) **Oral and Documentary Evidence:-**

===========================================================

==========================================================

**(મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા):-**

(૪.૧) ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો તેમના કેસ ના સમર્થનમાં રજુ કરેલ છે જે નીચે મુજબ છે.

**ફરીયાદપક્ષ નો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | અંક | મૌખિક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો |
|---|---|---|
| 1. | 12 | પંચસાહેદ કીરીટસિંહ બહાદુરસિંહ વાઘેલાની જુબાની |
| 2. | 13 | પંચનામું |
| 3. | 14 | પંચસાહેદ સુરૂભા નટુભા વાઘેલાની જુબાની |
| 4. | 15 | શરીર સ્થિતીનું પંચનામું |
| 5. | 16 | ફરીયાદી કાંતીસિંહ ઓખાજી રાજપુતની જુબાની |
| 6. | 17 | ફરીયાદ |
| 7. | 18 | ત.ક.અ. વિકાસચંદ્ર અર્જુન ઝા ની જુબાની |
| 8. | 19 | એફ.એસ.એલ.ની રવાનગી પત્ર |
| 9. | 20 | એફ.એસ.એલ. રીપોર્ટ |
| 10. | 21 | પંચ સાહેદ નિલેશભાઈ ગણેશભાઈ વાણંદની જુબાની |
| 11. | 22 | અટક તથા રીકવરી પંચનામું |
| 12. | 23 | પંચ સાહેદ રમેશભાઈ મોહનભાઈ કોલીની જુબાની |
| 13. | 24 | પંચસાહેદ પ્રદિપસિંહ મહીપતસિંહ વાઘેલાની જુબાની |

(૫) **બચાવપક્ષનો પુરાવો:–**

**(૫.૧)** આ સિવાય ફરિયાદ પક્ષે અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને ફરિયાદ પક્ષે એપીપીશ્રી એ પુરાવો પુરો થયા નું મૌખીક રીતે જાહેર કરતા તેના આધારે ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે અને ફરિયાદ પક્ષના પુરાવા આધારે આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોધવા પાત્ર પુરાવો જણાતો ન હોઈ આરોપી નું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

(૬) **Argument (દલીલ):–**

(૬.૧) આ કામમાં ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રી ની દલીલો વિસ્તારપુર્વક સાંભળવામાં આવેલ છે.

(૬.૨) સરકારી વકીલશ્રીએ જણાવેલ છે આ કામે સાહેદોને જુબાની આપેલ છે તે ફરીયાદને સમર્થનકારક જુબાની આપેલ છે અને આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવો પુરાવો રેકર્ડ પર આવવા પામેલ છે. જેથી સમાજમાં આવા ગુનાઓનુ પ્રમાણ વધે અને અને સમાજમાં એક એવો સંદેશ જાય કે જેનાથી ગુનો આચરનારા વ્યકિતઓ આવો ગુના ના કરે તે માટે આરોપીઓને **ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ ૬૫ એઈ, ૧૧૬બી, ૮૧, ૯૮(૨) મુજબ** તકસીરવાન ઠરાવીને કાયદામાં નિર્દિષ્ટ મહતમ સજા ફરમાવવા માટે અરજ કરેલ છે.

(૬.૩) જયારે બીજી તરફ બચાવપક્ષના વકીલે આરોપી સામે ખોટો કેસ કરેલાનુ જણાવેલ છે. તેઓ નિર્દોષ છે. પોલીસે ખોટી રીતે આરોપીઓને કોઈ પ્રકારના પુરાવા ના હોવા છતા ફરીયાદીએ કહેલ હકીકતોને આધારે અમોને આરોપી બનાવી દીધેલ છે. અને પોલીસ ફરીયાદ સંબંધે કોઈ પ્રાથમીક તપાસ કરેલ નથી.

===========================================================

પોલીસે આ કામમાં આરોપીને ગુનામાં ખોટી રીતે સંડોવી દેવા માટે તટસ્થ તપાસ નહી કરીને એકતરફી તપાસ કરેલ છે. જેથી આરોપીઓ સામે કોઈ ગુનો બનતો ના હોય અને બનાવના સાહેદોએ હિત ધરાવતા અને સંબંધિત સાહેદ હોવાથી તેમની જુબાની માની શકાય નહી. માટે આ કામના આરોપીને આ ગુનામાંથી નિર્દોષ છોડી મુકવા નમ્ર અરજ કરેલ છે. આ કામે ફરીયાદપક્ષ આરોપી સામે નિ:શંક પણ કેસ પુરવાર કરવામાં સફળ ગયેલા નથી. ફરીયાદપક્ષે હંમેશા ફોજદારી ન્યાય પ્રણાલી પ્રમાણે નિ:શંક પણે ગુનો પુરવાર કરવાનો હોય છે. જયા જયા શંકા જાય ત્યા ત્યાં તેવો લાભ આરોપીની તરફેણમાં અનુમાન કરવુ જોઈએ તેવુ ફોજદારી ન્યાય પ્રણાલી કહે છે.  ફરીયાદપક્ષ આરોપી સામે તેનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા છે. આરોપીની સામે રેકર્ડ પર એવો કોઈ પુરાવો આવવા પામેલ નથી કે જેનાથી આરોપીને કસુરવાર ઠરાવી શકાય. આમ આરોપીને શંકાનો લાભ આપીને **<u>ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ ૬૫ ઈ, ૮૧, ૯૮(૨) મુજબ ના</u>** ગુનામાંથી નિર્દોષ ઠરાવવા હુકમ કરવા નમ્ર અરજ કરીએ છીએ.

## (૭) <u>મુદદા:–</u>

(૭.૧) ઉપરોકત હકીકતે સદરહું કેસના ન્યાયીક નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદૃા ઉપસ્થિત છે.

### <u>–:મુદૃા (Issue):–</u>

1. **શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, <u>આ કામના હાલના આરોપીએ અન્ય આરોપીઓ સાથે તા. ૧૧/૦૫/૨૪ ના રોજ આ કામના આરોપીઓએ તેઓના કબજાની ગાડીના ઠાઠામાં ગોદડાની નીચે ગેરકાયદેસર રીતે અલગ અલગ કંપની ની શીલબંધ બોટલો, કવાટરીયા, બીયર ટીન વગેરે સહીત મળી કુલ</u>**

===========================================================

====================================================

<u>**રૂા.૪,૨૦,૭૬૦/– નો પ્રોહી વેચાણ અર્થે મુદ્દામાલ રાખી, એકબીજાને મદદગારી કરી, ગુનો કરી, ગુનાના કામે આરોપી સામે આ કામના ફરિયાદીએ પો.સ્ટે ખાતે ફરીયાદ નોધવાતા તે આધારે તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ–૬૫ એઈ,૧૧૬બી,૮૧,૯૮(૨)**</u> **મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?**

2. **શું હુકમ ?**

(૭.૨) ઉપરોકત મુદ્દાઓના અત્રેની કોર્ટના જવાબ નીચે મુજબ છે.

1. **નકારમાં.**
2. **આખરી હુકમ મુજબ.**

<u>**–:કારણો:–**</u>

<u>**Findings And Discussion Of Appreciation Of Evidence**</u>

<u>**(કારણો / ચર્ચા અને પુરાવાનુ મુલ્યાંકન)**</u> :–

(૮) ફોજદારી ન્યાયતંત્રનાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ પુરાવાનું મુલ્યાંકન શબ્દને પુરાવાનાં કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી તે માટે કાનુન સમર્પીત કોઈ નિયમ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવુ તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. પુરાવાનાં મુલ્યાંકનનો આધાર <u>**ભારતીય પુરાવાનાં કાયદાની કલમ–૩**</u> માં કરવામા આવેલી સાબીતી અને ના સાબીતીની વ્યાખ્યા પર આધારીત છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ પર રહેલ છે. ફરિયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબીત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવીતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં સંભવિતતા દર્શાવવાની નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો

====================================================

==========================================================

બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી પરંતુ આરોપી પરનુ તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે.

(૯) વધુમાં ફોજદારી કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે તેમનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો હોય છે અને નામદાર કોર્ટની કોઈપણ ભૂલ ભરેલી સજા તે સમાજ તથા આરોપી માટે ખુબજ ગંભીર બાબત છે. જેથી સજા કરતી વખતે અદાલતે હંમેશા ધ્યાનમાં રાખવાનું હોય છે કે, એક શાણો/ડાહયો માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતા એવા નિર્ણય ઉપર પહોંચે કે,આરોપી વ્યાજબી શંકાથી પર ગુનેગાર છે, જે અન્વયે પુરાવાનુ મુલ્યાંકન કરતી વખતે કોર્ટે તેના તારણો, અભિપ્રાય મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી, કાયદાની જોગવાઈઓથી પ્રેરિત અને તેને ધ્યાનમાં રાખીને કરવુ જોઈએ. વધુમાં સાબીત થયેલ હકીકતો કોને કહેવાય? તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને છે તેવી હકીકત સાબીત થયેલી ગણાય.

(૧૦) પુરાવાની ચર્ચા કરતા પહેલા, અત્રે એ સ્પટતા કરવામાં આવે છે કે, આ કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરિયાદપક્ષ તથા બચાવપક્ષ તરફથી જે જે સાહેદોને તપાસવામાં આવેલ છે તે પુરાવાને કોર્ટ દવારા શબ્દશ: નોંધવામાં આવ્યા છે. તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવા ફરીયાદ પક્ષે/આરોપીપક્ષે રજુ કરેલા છે તેને ગંભીરતા પુર્વક અને બારીકાઈથી વંચાણે લેવામાં આવેલા છે. જે પુરાવાની ચર્ચા અને તેની ન્યાયીક સમીક્ષા આ જજમેન્ટમાં અંહી નીચે મુજબ કરવામાં આવેલ છે. જે સાહેદોના પુરાવાની ચર્ચા સાહેદોના નામ અને જુબાનીના

==========================================================

=================================================================

આંક સાથે, હવે પછી, પ્રથમ પુરાવાની ચર્ચા કરવામાં આવશે, ત્યાર બાદ પુરાવાનુ મુલ્યાંકન/ ન્યાયીક સમીક્ષા તેના બાદ નીચે મુજબ કરવામા આવેલ છે.

## (૧૧) રેકર્ડ પરનો પુરાવો:–

**(૧૧.૧)** આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે આંક –૧૪ થી ફરીયાદી કાંતીસિંહ ઓખાજી રાજપુત તેઓની જુબાનીમાં જણાવે છે કે, તા.૧૧/૪/૨૦૨૪ ના રોજ હુ બાલાસર પો.સ્ટેમાં પો.હે.કો તરીકે ફરજ બજાવતો હતો તે દીવસે અમો તથા પોલીસ સ્ટાફના માણસો સાથે પો.સ્ટેશન વિસ્તારમાં સરકારી વાહન પી–૪૦૧થી પેટ્રોલીંગમા હતા દરમીયાન ફરતા ફરતા બાલાસર ગામના ત્રણ રસ્તા પાસે આવતા અમોને ખાનગી રાહે બાતમી મળેલ કે બેલા ગામ તરફથી એક પીક અપ ગાડી અંગ્રેજી દારૂ ભરી બાલાસર ગામ તરફ આવે છે તેવી બાતમીના આધારે નજીકમાંથી બે રાહદારી પંચોના માણસો બોલાવેલ અને તેઓને બાતમી હકીકતથી વાકેફ કરી પંચો તથા પોલીસ અને સ.વાહનની અરસ પરસ અંગઝડતી તપાસ કરતા કોઈ વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલ નહી બાદમાં બાતમી હકીકત વાળુ વાહન આવતા તેને રોકવાનો પ્ર યત્ન કરતા તેને લોદ્રાણી ગામ તરફ વાહન હંકારી દીધેલ પરંતુ અમોએ તેનો પીછો કરતા બંને ઈસમો ગાડી મુકી ભાગવા લાગેલ પરંતુ એક ઈસમને અમો સાથેના પોલીસ કર્મચારીએ પકડી પાડેલ અને બીજો ઈસમ ભાગી ગયેલ પકડાયેલ ઈસમનુ પંચો રૂબરૂ નામ ઠામ પુછતા પોતાનુ નામ મહાવીર સીહ ઉર્ફે પીન્ટુ ભીખુભા વાઘેલા રહે. અયોધ્યાપુરી રાપર વાળો હોવાનુ જણાવેલ અને તે ઈસમને ભાગનાર ઈસમ બાબતે પુછતા તે ઈસમ સ્વરૂપસીહ સવાઈસીહ સોઢા રહે. અયોધ્યાપુરી રાપર વાળો હોવાનુ જણાવેલ અને પકડાયેલ ઈસમની પંચો રૂબરૂ અંગઝડતી કરતા એક મોબાઈલ મળી આવેલ જે ગાડીમાંથી ઈસમો ભાગેલ તે ગાડીનો રજી નં. જોતા જીજે ૧૨

=================================================================

==========================================================

બી.વાય ૩૮૩૦ નો હતો તે ગાડીના ડાલામાં તપાસ કરતા અંગ્રેજી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૧૧૫ર બોટલો તથા બીયરના ટીન નંગ–૬૪ મળી આવેલ જેમાં થી એક એક બોટલ તથા બીયર સેમ્પલ અર્થે કાઢી લઈ તેના પંચોની તથા પોલીસની સહીઓ વાળી કાપલી લગાવી પો.સ.ઈ બાલાસર હોદાનુ સીલ કરી સેમ્પલ અર્થે કબજે લીધેલ બાકીનો મુદામાલ કીમત રૂ. ૪ર૦૭૬૦/– ગણી તથા ગાડીની કીમત રૂ.૩૦૦૦૦૦/– તથા મોબાઈલની કીમત રૂ.૫૦૦/– તથા આરોપીની અંગઝડતી દરમીયાન મળી આવેલ રોકડ રકમ રૂ.૧૦૦૦/– અમો સાથેના પી.એસ.આઈ શ્રી ડી.જી.પટેલ સાહેબનાઓએ પંચનામાની વીગતે કબજે કરેલ અને સદર આરોપી વિરૂધ્ધ અમોએ પોલીસ ફરીયાદ આપેલ. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે હુ ઓળખુ છુ જેને કામમાં રજુ દાખલ આંક–૧૫ આપવામાં આવે છે. આરોપીને હુ ઓળખુ છુ જે પૈકી આરોપી નં.ર વાળો ના.કોર્ટમા હાજર છે

સદર સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાંતેઓ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બાતમી મને મોખીક મળેલી. એ વાત ખરી છેકે કોઈ બાતમી મળે તો તેની જાણ ઉપરી અધિકારીને કરવી પડે અને બાતમીની નોંધ પો.સ્ટેમાં રાખવાની હોય છે. એ વાત ખરી છે કે પંચો રૂબરૂ બાતમીની ખરાઈ કરેલ નહી. એ વાત ખરી છે કે અમને બાતમી મળી ત્યાંથી રેઈડ વાળુ વાહન જોઈ શકાતુ ન હતુ. અમો પો.સ્ટેથી ૧૫:૦૦ વાગે નીકળેલા. અમે સ.વાહનમાં નીકળેલા. એ વાત ખરી છે કે સ.વાહનનો રજી નંબર મારી ફરીયાદમા લખાવેલ નહી. પંચોને ફોનથી બોલાવેલા જેના નામ મે ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે અમોએ ડ્રાઈવરનુ લાયસન્સ તથા આર.સી બુક ચેક કરેલ નહી. એ વાત ખરી છેકે સ્થળ ઉપર મુદામાલ બોટલો ખોલીને કોઈ પંચનામુ કરેલ નહી તથા આરોપીની ઓળખ અંગેના કોઈ આધાર મેળવેલ નહી. એ વાત ખરી

==========================================================

છે કે લોદ્રાણી ગામ ભરચક વિસ્તાર છે અને ત્યાં સતત માણસોની અવર જવાર રહે છે ત્યાં દુકાનો અને મકાનો આવેલા છે.

**(૧૧.૨)** આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે આંક –૧૯ ત.ક.અ. વિકાસચંદ્ર અર્જુન. ઝા ની જુબાની તેઓની જુબાનીમાં જણાવે છે કે, અમો સને ૨૦૨૪ ની સાલમાં બાલાસર પો.સ્ટેમાં પી.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે બાાલાસર પો.સ્ટે.ગુ.ર.નં.૦૩૮/૨૦૨૪ પ્રોહી કલમ– ૬૫એઈ, ૧૧૬બી, ૯૮(૨), ૮૧ મુજબના ગુનાની તપાસ અગાઉના ત.ક.અ ડી.જી.પટેલનાઓએ કરેલ હતી તેઓએ પંચનામુ, મુદામાલ પાવતી તથા સાહેદોના નીવેદનો લીધેલ તે મને બતાવવામાં આવે છે તેમાં પી.એસ.આઈ ડી.જી.પટેલનાઓની સહી છે જે હુ ઓળખુ છુ ત્યારબાદ સદર ગુનાની તપાસ અમોએ તપાસ સંભાળી લીધેલ અને પકડાયેલ મુદામાલ તપાસણી અર્થે કબજે લીધેલ તે મુદામાલ અમોએ રવાનગી પત્રક સાથે એફ.એસ.એલ. માં પૃથકકરણ માટે મોકલેલ જે મને બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જે હુ ઓળખુ છુ જેને કામમાં રજુ દાખલ આંક–૨૦ આપવામાં આવે છે ત્યારબાદ સદર મુદામાલની પૃથકકરણ થઈ એફ.એસ.એલ રીપોર્ટ આવેલ. જે રીપોર્ટ મને બતાવાવમાં આવે છે તે તે જ છે જેને કામમાં રજુ દાખલ આંક– ૨૧ આપવામાં આવે છે તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ચાર્જસીટ કરવા પુરતા પુરાવા જણાઈ આવતા ના.કોર્ટમાં ચાર્જસીટ કરેલ. આરોપીઓને હુ ઓળખુ છુ જે પૈકી એક આરોપી હાજર છે

સદર સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં તેઓએ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે ચાર્જસીટ કરતા અગાઉ મે તપાસના કાગળોનો અભ્યાસ કરેલ. એ વાત ખરી છે કે અગાઉના ત.ક.અ સ્વતંત્ર સાહેદોના

=====================================================================

નીવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે આરોપીનુ ડ્રાઈવીંગ લાયસન્સ કે આર.સી બુક તપાસના કામે કબજે કરેલ નથી. એ વાત ખરી છે કે કબજે કરેલ મુદામાલ દારૂની કંપનીના માલીકનુ કોઈ નીવુેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે એફ.એસ.એલમાં જે પોલીસ કર્મચારી મુદામાલ લઈ ગયેલ તેનુ તથા રાઈટર હેડનુ કોઈ નીવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે આરોપીની શરીર સ્થીતીનુ કોઈ પંચનામુ કરેલ નથી. એ વાત ખરી છે કે ગુનાની તપાસ કરવાનો કોઈ ડેપ્યુટ હુકમ મળેલ નથી.

**પુરાવાનુ મુલ્યાંકન/ન્યાયીક સમીક્ષા:–**

**(૧૨)** ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે આ કામે રજુ થયેલ પુરાવો જોઈએ તો રજુ થયેલ પંચનામા અંગે સદર પંચ સાહેદે પોતાની જુબાની દરમ્યાન ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ નથી અને કહેવાતો મુદ્દામાલ દારુ હાલના કામના આરોપી ના કબજા ભોગવટા માંથી મળી આવેલ હોઈ કે કહેવાતો દારુ હાલના કામના આરોપીની જાણમાં હોઈ અને તે રીતે આરોપી પાસે થી મળી આવેલ હોઈ તેવો કોઈ સચોટ પુરાવો હાલના કામના ફરીયાદી ના પંચ સાહેદો એ આપેલ નથી. તેમજ કહેવાતો મુદ્દામાલ તેમની રૂબરુ કબજે કરવામાં આવેલ હોઈ તેવો પણ કોઈ પુરાવો પંચો ધ્વારા આપવામાં આવેલ નથી. આમ સદર પંચસાહેદો એ ફરીયાદપક્ષ ના પંચનામા ને સમર્થન થાય તેવો કોઈ પુરાવો આપેલ ન હોઈ જેથી સદર રજુ થયેલ પંચનામુ નિશંકપણે ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલા નથી તે ઉપરાંત ફરીયાદપક્ષે અન્ય કોઈ રીતે પણ સદર પંચનામુ પુરવાર કરવા માટે ના કોઈ પ્રયત્નો કરેલા નથી. આ ઉપરાંત આરોપી તરફેના વિ. વ. શ્રી દવારા સદર સાહેદની ઉલટ તપાસમાં સદર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે તેઓએ તૈયાર લખેલા કાગળોમાં સહી કરેલી તે સિવાય તેઓ બીજુ કાંઈ જાણતાં નથી. આમ, સદર કામે

=====================================================================

==========================================================

પંચ સાહેદના પુરાવો ધ્યાને લઈએ તો તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકતને સમર્થન આપેલ છે પરંતુ તે પંચનામામાં શું લખેલું અને તેઓ ની રૂબરુ કોઈ પંચનામા માં જણાવેલ મુજબ ની કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ તે હકીકત નિશંકપણે પુરવાર થતી નથી.

(૧૩) આમ જયારે પંચસાહેદો એ ફરીયાદપક્ષ ની હકકીત ને સમર્થન આપેલ ન હોઈ અને પંચનામુ નિશંકપણે પુરવાર થયેલ ન હોઈ ત્યારે આ કામે પોલીસ સાહેદ નો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, તેઓએ સદર કહેવાતો મુદ્દામાલ પંચો રૂબરુ કબજે કરેલા ની હકીકત ને જણાવે છે પરંતુ સદર મુદ્દામાલ જે દારુ કબજે કરેલ છે તે **ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ ૧૧૬(ગ)** માં જોગવાઈ કરવામાં આવેલ છે કે,

**ગુજરાત પ્રોહીબીશન એકટ**
**કલમ ૧૧૬(ગ)**

***"કોઈપણ દારુ જપ્ત કર્યો હોય તેવા નશાબંધી અધિકારી અથવા પોલીસ અધિકારીએ સમય ગુમાવ્યા વિના તે દ્યુરનો નમુનો વિગતવાર પૃથથકરણ રીપોર્ટ માટે રાજયની ન્યાય સહાયક વિજ્ઞાન પ્રાયોગશાળા ને તાત્કાલીક મોકલવાની ફરજ રહેશે. "***

આમ જયારે મુદ્દામાલ તરીકે દારુ કબજે લેવામાં આવે તો તેને વિના વિલંબે એફ.એસ.એલ. માં પરીક્ષણ અર્થે મોકલવાની જોગવાઈ કરવામાં આવેલ છે અને આવી કોઈ કાર્યવાહી પોલીસ સાહેદે કરેલ હોઈ તેવી કોઈ હકકીત જણાવેલ નથી તે ઉપરાંત ચાર્જશીટ સાથે કહેવાતો પકડાયેલ મુદ્દામાલ એ દારુ જ છે તે સાબીત કરવા માટે એફ.એસ.એલ નો રીપોર્ટ પોલીસે ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી કે તે અંગે નો કોઈ પુરાવો ચાલુ ટ્રાયલ દરમ્યાન પોલીસ

==========================================================

=================================================================

અધિકારીઓ ધ્વારા પણ રજુ કરવામાં આવેલ નથી. આમ સદર ગુનાના કામે ફરીયાદપક્ષ એ હકીકત નિશંકપણે પ્રસ્થાપિત કરી સાબીત કરી શકેલ નથી કે, આ ગુનાના કામે પંચો રૂબરુ કબજે લેવામાં આવેલ મુદ્દામાલ એ પ્રતિબંધીત દારુ જ છે. આમ સદર કામે પોલીસે જે કહેવાતો પ્રતિબંધીત દારુ પંચનામા ની રૂએ કબજે કરેલ છે તે પંચનામુ પણ ફરીયાદપક્ષના અન્ય સાહેદોના પુરાવાના આધારે નિશંકપણે પુરવાર થતુ નથી તેમજ સદર કામે કોઈ એફ.એસ.એલ નો રીપોર્ટ પણ રજુ કરવામાં આવેલ નથી. ત્યારે પંચ સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષ સમર્થન કરતો ન હોઈ ત્યારે પોલીસ સાહેદ ના એકલા ના પુરાવાથી આરોપીને સજા કરી શકાય નહી. આમ આ કામે રજુ થયેલ ઉપરોકત સમગ્ર પુરાવો જોવામાં આવે તો પંચ સાહેદના પુરાવાથી ફરિયાદ પક્ષના કેસની હકીકતને કે પં ચનામાની હકીકતને કોઈ સમર્થન મળતુ નથી તેમજ પુરાવાને ધ્યાનમાં લેતા બનાવ વાળી જગ્યાએ સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ હોવાનું ફલિત થાય છે તેમ છતાં આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ નથી કે સાહેદ તરીકે પણ તેઓનું નામ ચાર્જશીટમાં દર્શાવવામાં આવેલ નથી. આ ઉપરાંત સદર સાહેદના પુરાવાને ધ્યાનમાં લેતા દારુનો મુદામાલ જયાંથી કબજે લેવામાં આવેલ છે તેની માલીકી અને કબજો ભોગવટો આરોપીનો હોવા બાબતે પણ કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

આ કામે કેસનું રેકર્ડ અને પ્રોસીડીંગ જોતાં, કેસ જુનો છે, અને અત્રેની અદાલતે ફરીયાદપક્ષ દવારા ચાર્જશીટમાં જણાવેલા **<u>સાહેદ નંબર–પ તથા ૦૮ થી ૧૩</u>** સુધીના તમામ સાહેદોને તપાસવામાં આવેલા નથી અને સરકાર તરફે એ.પી.પી. શ્રી નાઓએ કેસના અન્ય સાહેદોને ડ્રોપ કરવા અંગેનો ચાર્જશીટમાં શેરો કરીને જણાવેલ છે. આમ ફરીયદપક્ષ સાહેદોને અદાલતમાં હાજર રખાવી પોતાના કેસના સમર્થનમાં પુરાવો રજુ કરવામાં નિષ્ફળ ગયેલ છે.

=================================================================

================================================================

જયારે તપાસવામાં આવેલા સાહેદોની જુબાની પરથી ફરીયાદપક્ષ આરોપીને તકસીરવાન ઠરાવી શકે તેવો પુરાવો રેકર્ડ પર આવી શકેલ નથી.

આ સિવાય ફરિયાદ પક્ષ દવારા અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. પંચનામાના એક પંચને તપાસવામાં આવેલા છે જયારે બીજા પંચને ડ્રોપ કરવામાં આવેલા છે. પ્રોહીબીશનના આ ગુનામાં પંચનામું સાબિત કરવું મહત્વનો આધાર પુરાવો બની રહે છે તેમજ બીજી તરફ ફરિયાદ પક્ષે પોતાનો કેસ નિ:શં કપણે એટલે કે શંકાઓથી પર જઈને સાબિત કરવાનો હોય છે. પરંતુ જો બીજો પં ચ કોર્ટમાં જુબાની આપે અને પંચનામાને સમર્થન આપે તો પણ બંને પંચોની જુબાની વચ્ચે માનવા અંગે તફાવત ઉભો થાય. ત્યારે તેવી શંકાઓનો લાભ આરોપીને મળવો જોએ તેવા નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા નામ.સુપ્રીમ કોર્ટના અનેક ચુકાદાઓથી પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત છે. બાદમાં એપીપીશ્રી એ પુરાવો પુરો થયાનું મૌખીક રીતે જાહેર કરતા તેના આધારે ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે અને ફરિયાદ પક્ષના પુરાવા આધારે આરોપીનું ક્રિ. પ્રો. કોડની કલમ-૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોધવા પાત્ર પુરાવો જણાતો ન હોય આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

આ કામે કેસની તપાસ દરમ્યાન કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન નોંધવામાં આવેલા નથી. ખરેખર સ્વતંત્ર સાહેદ એ એવી વ્યકિત છે કે, પોતે જે કાંઈ જાણે છે તે જણાવી દે છે જયારે હિત ધરાવનાર સાહેદને પરિણામમાં રસ હોય છે, તે કોકને બચાવવા માંગે છે તો કોકને સમર્થન આપવા માંગે છે. તો કોકને સજા કરવવા ચ્છતા હોય છે. તેની જુબાની સંપૂર્ણપણે સાચી કે સંપૂર્ણપણે ખોટી હોતી નથી. સ્વતંત્ર સાહેદ જે જાણે છે તે કહે છે જયારે હિત ધરાવના સાહેદ જાણીબુઝીને કંક છુપાવે છે અથવા કંક વધારીને કહે છે. તેથી આવા સાહેદની જુબાનીની

================================================================

==========================================================

છણાવટ એટલે કે મુલ્યાંકન અત્યંત સાવધાની પૂર્વક તથા પુરી સભાનતાથી અદાલતે કરવુ જરુરી છે.

આ કામમાં ફરીયાદી તથા તમામ સાહેદો તથા ત.ક.અ. તમામ પોલીસ સ્ટાફના માણસો છે. આ કામે ફરીયાદ આપનાર પોલીસ છે તથા તમામ સાહેદો પણ પોલીસ સ્ટાફના છે તેમજ તપાસ કરનાર અમલદાર, ફરીયાદી પોલીસ સ્ટાફ હોવાથી તેમની જુબાની ના માનવી જોઈએ તેવુ કોઈ કાયદામાં જોગવાઈ નથી અને હાલના કેસમાં સ્વંતત્ર સાહેદોની અપેક્ષા પોલીસ પાસેથી તપાસ દરમ્યાન રાખવી એ વ્યાજબી પણ નથી. ફરીયાદ તો કોઈ પણ વ્યકિત આપી શકે છે. જેમાં પોલીસનો સમાવેશ થઈ જાય છે. અને કોઈ પણ ગુનાની તપાસ તો આખરે પોલીસ જ કરવાની હોય છે. માટે તેની તપાસની કામગીરી અંગે આ ગુનામાં કોઈ શંકા ઉપસ્થીત કરી શકાય નહી કે ના માનવાને કોઈ કારણ રેકર્ડ પર આવેલ નથી. કેસનુ રેકર્ડ જોતા તથા સરકારી પક્ષે દલીલ ધ્યાને ફરીયાદી તથા સાહેદોએ જુબાની દરમ્યાન જણાવવામાં આવેલી હકીકતો માનવાલાયક જણાય આવે છે. જેથી માત્ર પોલીસ સાહેદોની જુબાની માની ને આરોપીને તકસીરવાન શકાય નહી.

**<u>Authorities</u>: -**

✓ **<u>ફરીયાદ પક્ષે રજુ કરવામાં આવેલ ઓથોરીટી: –</u>**

**1)** કોઈ નહી.

✓ **<u>આરોપી પક્ષે રજુ કરવામાં આવેલ ઓથોરીટી: –</u>**

**1)** કોઈ નહી.

✓ **<u>કોર્ટ દવારા ટાંકવામાં આવેલ ઓથોરીટી:–</u>**

**1)** ***જગ્ગાસીગ વિરુધ્ધ સ્ટેટ ઓફ પંજાબ, એ.આ.આર. ૧૯૯૫, સુપ્રિમ કોર્ટ, એસ.સી. પાના નંબર–૧૩૫, પેરા–૧૦*** **જેમાં જણાવેલ છે કે,**

==========================================================

=============================================================

*કોઈપણ પ્રકારનો પુરાવો હોય પણ તેમા જ્યારે શંકાનુ તત્વ પ્રવેશે ત્યારે એવો પુરાવો ફરિયાદપક્ષની નિષ્ફળતામા પરિણમે છે. એ એક સુસ્થાપિત સિધ્ધાંત છે કે શંકા આખર શંકા છે, શંકા ગમે તેટલી દ્રઢ, મજબૂત હોય તો પણ તે સાબિતીનુ સ્થાન લઈ શકે નહિ.*

2) ***<u>વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતનાં ૧૯૯૬ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમિનલ) પાના નં.૧૧૦૪ વાળા ચુકાદા મુજબ,</u>***

*સાહેદી લીસ્ટમાના અન્ય સાહેદોને જો તપાસવામાં આવે તો પણ કેસનાં અંતિમ પરિણામમાં કોઈ ફરક પડે તેમ જણાતું ન હોય ત્યારે માત્ર પ્રક્રિયા પુરી કરવા માટે થઈને અન્ય સાહેદોને તપાસવા માટે અદાલતનો કિંમતી સમય વેડફવો ન્યાયોચિત જણાતુ ન હોય અન્ય સાહેદોને આ કામે તપાસવામાં આવેલ નથી.*

3) **નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના ચુકાદા AIR 2001 (S.C) 1380 "Sohan v. State of Haryana"** માં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે**,**

*“ 21. An accused is presumed to be innocent until he is found guilty. The burden of proof, that he is guilty, is on the prosecution and that the prosecution has to establish its case beyond all reasonable doubts. In other words, the innocence of an accused can be dispelled by the prosecution only on establishing his guilt beyond all reasonable doubts on the basis of evidence.”*

**ચર્ચા:–**

આમ ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ મુજબ ફરીયાદપક્ષનો કેસ પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની હોય છે અને ફરીયાદ પક્ષે તેમના પોતાના વિશ્વાસપાત્ર અને સજજડ પુરાવાથી આરોપીઓ સામેનો કેસ વાજબી શં

=============================================================

==========================================================

કાથી પર પુરવાર કરવો જોઈએ. આરોપીઓ ઉપર તે પોતે નિદોર્ષ છે તેવુ સાબિત કરવાનો નકારાત્મક બોજો નાંખી શકાય નહી.

**Conclusion:-**

આમ, સદર ગુનામાં પકડાયેલ મુદ્દામાલ તે આરોપીના કબજા ભોગવટામાં હોવાનું પણ કોઈ સ્પષ્ટ અને ચોકકસ પુરાવાથી પુરવાર કરવામાં આવેલ નથી અને બનાવવાળી જગ્યાની માલીકી અંગે પણ તપાસ કરનાર અધિકારીએ કોઈ પુરાવો લીધેલ નથી. તે સંજોગોમાં સદર કામે આક્ષેપાયેલા ગુનાના મુખ્ય આવશ્યક તત્વો પુરવાર થતા નથી. વધુમાં ફરિયાદ પક્ષના રેડ સમયના પંચ સાહેદોના સોગંદ ઉપરના પુરાવાના વિરોધાભાસ ને કારણે ફરિયાદ પક્ષના કેસ પરત્વે શંકા ઉત્પન્ન થાય છે અને ક્રિમિનલ જયુરીસપ્રુડન્સના પાયાના સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબીત કરવાનો હોય છે અને આરોપીએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવા પાત્ર છે તે ધ્યાને લેતા ફરિયાદ પક્ષ પોતાના કેસની હકીકતો શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોઈ ઉપરોકત કરેલ તમામ ચર્ચા અને જણાવેલ કારણોસર ફરિયાદ પક્ષ પોતાનો કેસ નિષ્પક્ષ પણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

==========================================================

**-:આખરી હુકમ:-**

==========================================================

**(1) આ કામના આરોપી અરવિંદસિંહ રાણુભા જાડેજા, રહે.મુળ ત્રંબો, હાલ રાપર, તા. રાપર(કચ્છ). નાઓને ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ ૬પ (એઈ), ૧૧૬ બી, ૮૧,૯૮(ર) મુજબ અન્વયેના ગુન્હાના કામે ક્રિ.**

==========================================================

================================================================

**પ્રો. કોડની કલમ ૨૪૮(૧)મુજબ પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.**

**(2)** **ભવિષ્યમાં આ ચુકાદા વિરુધ્ધ અપીલ દાખલ થાય તો તેવા સંજોગોમાં આ કામના આરોપીની હાજરી ઉપલબ્ધ રહે તે હેતુથી ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭(એ) કરવામાં આવેલી જોગવાઈ અનુસાર આરોપીએ રૂ.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) પુરતા અગાઉ આ હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન રહેલ જામીદનારને અપીલના સમય પુરતા જામીન તરીકે ચાલુ રાખવાનો આથી હુકમ કરવામાં આવે છે. અપીલ સમય બાદ આરોપીઓના જામીનખત રદ ગણવા.**

**(3)** **મુદ્દામાલ દારૂનો અપીલ પીરીયડ પુરો થયા બાદ નિયમો અનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**(4)** **મુદ્દામાલ વાહન તથા મોબાઈલ નંગ-૦૨ તથા રૂ.૫૦૦/- ના દરની નોટ નંગ-૦૨, એકસીસ બેંકનું એ.ટી.એમ. અંગે જો કોઈ વચગાળાની કસ્ટડીનો હુકમ થયેલ હોય તો તે કાયમ કરવો અને જો કોઈ હુકમ થયેલ ન હોય તો માલીકીની ખરાઈ કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.**

ઉપરોકત હુકમ આજરોજ **તારીખ-૧૮, માહે-મે, સને-૨૦૨૬,** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ: ૧૮/૦૫/૨૦૨૬.**
**સ્થળ: રાપર**

**(અમિત મહેન્દ્રભાઈ પાટડીયા)**
જજ કોડ નં. જીજે ૦૧૪૩૪
પ્રિન્સીપાલ સિવીલ જજ તથા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ફર્સ્ટ કલાસ, રાપર.

================================================================